# વાસ્ક્યુલાઇટીસ

- **વાસ્ક્યુલાઇટીસ શું કામ થાય છે?**
  - વાસ્ક્યુલાઇટીસ થવાના ઘણા કારણો છે. ચેપી રોગ જેવા કે ન્યુમોનિયા; અમુક દવાઓ; અમુક કેન્સર તથા વા ની બિમારીઓ વાસ્ક્યુલાઇટીસ કરી શકે છે.

- **વાસ્ક્યુલાઇટીસમાં શું થાય છે?**
  - વાસ્ક્યુલાઇટીસમાં લોહીની નસોની અંદરની દીવાલ ઉપર સોજો આવે છે અને જે તે અંગને લોહી પહોંચતું બંધ થાય છે અને તે અંગને નુકસાન થાય છે.

- **વાસ્ક્યુલાઇટીસ કોને થઇ શકે છે?**
  - વાસ્ક્યુલાઇટીસ બે વર્ષના બાળકથી નેવુ વર્ષના વૃધ્ધ સુધી કોઇ પણ ઉમરે થઇ શકે છે.

- **શુંવાસ્ક્યુલાઇટીસ ગંભીર બિમારી છે?**
  - હા. અમુક પ્રકારના વાસ્ક્યુલાઇટીસ માં દર્દીનાજીવ ઉપર જોખમ આવી શકે છે.

- **વાસ્ક્યુલાઇટીસ નું નિદાન કઇ રીતે કરવામાં આવે છે?**
  - દર્દી ના લાક્ષણીક ચિન્હો ઉપરથી વાસ્ક્યુલાઇટીસનું નિદાનનિષ્ણાંત ડોક્ટર દ્વારા કરવામાં આવે છે. અસર પામેલાઅંગોની બાયોપ્સી (Biopsy) દ્વારા સચોટ નિદાન થઇ શકે છે.
  - વાસ્ક્યુલાઇટીસનો પ્રકાર જાણવા માટે લોહીની તપાસ, CT SCAN / MRI જરૂર પ્રમાણે કરવામાં આવે છે.

- **વાસ્ક્યુલાઇટીસ ની સારવાર કઇ રીતે કરવામાં આવે છે?**
  - ચેપી રોગ, કેન્સર જેવી બીમારીથી થતા વાસ્ક્યુલાઇટીસમાંમુળ બીમારીની સારવાર કરવાથી વાસ્ક્યુલાઇટીસ કાબુમાંઆવી જાય છે. અમુક દવાથી થતી વાસ્ક્યુલાઇટીસ ની બીમારી તે દવા બંધકરવાથી મટી જાય છે.
  - સાધાના વાથી થતી બિમારીમાં તીવ્રતા પ્રમાણે સ્ટીરોઇડ,સાયક્લોફોસ્ફામાઇડ, મિથોટ્રેક્સેટ, એઝાથાયોપ્રીન,માયકોફીનોલેટ જેવી દવાઓ વાપરવામાં આવે છે.

- **વાસ્ક્યુલાઇટીસમાં કેટલો સમય દવા લેવી પડે છે?**
  - દવાનો સમય વાસ્ક્યુલાઇટીસના પ્રકાર ઉપર આધાર રાખે છે.અમુક પ્રકારમાં આજીવન દવા લેવી પડે છે.

- **વાસ્ક્યુલાઇટીસના દર્દીઓએ ખોરાકમાં શું કાળજી લેવી જોઇએ?**
  - ખટાશ અને આ બિમારીને કોઇ સબંધ નથી. આ દર્દીઓએ ઘરે બનાવેલો પચવામાં હળવો ખોરાક લેવો જોઇએ.

RHEUMATOLOGY
ASSOCIATION GUJARAT